Extra No. 249

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 7, 2025 / ASHADHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૨૩મી એપ્રિલ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૧૫/પીટીડી/એમએસએમ/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૪/૧૦૨૮/ખ. નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Motor Vehicles Rules, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી એપ્રિલ, ૨૦૨૫

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: જી/પીટી/૨૦૨૫/૧૫/પીટીડી/એમએસએમ/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૪/૧૦૨૮/ખ:- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમ ૨૧૨-ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ: ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૫/૨/પીટીડી/એમએસએમ/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૪/૧૦૨૮/ખ. હેઠળ તારીખ: ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-એ-માં પાના ૨૮-૧ થી ૨૮-૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની *રાજપત્ર*માં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં કોઇ વાંધા અથવા સૂચનો મળેલ નથી;

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમ ૯૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, *રાજપત્ર*માં તેની આખરી પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૧૧૯માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (૫) કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરેન્દ્રસિંહ પરમાર,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.12 15:21:51 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar